GJJN080006212026

ફોજદારી કેસ નં. ૪૧૩/૨૦૨૬

કેશોદ ના મ્હે.શ્રી ટી.એમ.શ્રીમાળી સાહેબ,
એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ માં

−// આંક−૧ તળે હુકમ //−

(૧)....હાલના કામના **આરોપીઓ (૧) રમેશભાઈ ઉર્ફે એકાવન મેરૂભાઈ ગરેજા, રહે. મોટી ઘંસારી (૩) પ્રફુલભાઈ ઉર્ફે** બોઘો ભીમજીભાઈ કેશવાલા, રહે. મોટી ઘંસારી, **(૪) રામજીભાઈ ઉર્ફે પોપટ ખીમજીભાઈ ચુડાસમા, રહે.કેવદ્રા, (૫) મનહરસિંહ ઉર્ફે મનસુખ પીઠરામભાઈ સિસોદીયા, રહે. પાણખાણ રામજી ઉર્ફે મનીષ દરબાર કારાભાઈ છેલાવાડા, રહે.કેશોદ** વાળા **ની** સામે **જુગારધારા કલમ ૧૨** હેઠળની ફરિયાદ કરવામાં આવેલ તથા તેની સામે પોલીસ ઘ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨)....આરોપી કોર્ટમાં હાજર થઈ, સ્વૈચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે.

(૩)....આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

**હાલના કેસમાં કોર્ટ ઘ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂઘ્ઘ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ઘ્યાને લઈ તથા આરોપીના સંજોગો ઘ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

−// આખરી હુકમ //−

હાલના કેસના **આરોપીઓ (૧) રમેશભાઈ ઉર્ફે એકાવન મેરૂભાઈ ગરેજા, રહે. મોટી ઘંસારી (૩) પ્રફુલભાઈ ઉર્ફે** બોઘો ભીમજીભાઈ કેશવાલા, રહે. મોટી ઘંસારી, **(૪) રામજીભાઈ ઉર્ફે પોપટ ખીમજીભાઈ ચુડાસમા, રહે.કેવદ્રા, (૫) મનહરસિંહ ઉર્ફે મનસુખ પીઠરામભાઈ સિસોદીયા, રહે. પાણખાણ ને** બી. એન. એસ. એસ.ની કલમ ૨૭૫ હેઠળ **જુગારધારા કલમ ૧૨** હેઠળ પ્રત્યેક આરોપીને **રૂા.૧૦૦/− (અંકે રૂપિયા એકસો પુરા) કુલ દંડ ૧૦૦× ૪ = ૪૦૦) કુલ દંડ રૂા. ૪૦૦/−( અંકે રૂપીયા ચારસો પુરા) નો** દંડનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડની રકમ ના ભરે તો દિન−૨(બે)ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ મુદામાલ અન્વયે હાલ પુરતો કોઈ હુકમ કરવામાં આવતો નથી. મુદામાલ અંગે આખરી નિકાલ વખતે નિર્ણય કરવામાં આવશે.

આ હુકમ આજ તા. **૧૪મી** માહે : **મે** સને: **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૫/૨૦૨૬
મુ.જુનાગઢ

**(તરુણ મોહનદાસ શ્રીમાળી)**
એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કેશોદ(GJ-01306)